# "સુરક્ષિત અને સમન્વિત શહેરો"

## ભારતીય શહેરોમાં ગરીબી, અસમાનતા અને હિંસા: સમન્વિત નીતિઓ અને આયોજન તરફ

**પ્રોજેક્ટ નોંધ**

સેન્ટર ફોર અર્બન ઇક્વિટી (CUE), સી.ઈ.પી.ટી. (CEPT) યુનિવર્સિટી અને ઇન્સ્ટિટ્યૂટ ફોર હ્યુમન ડેવલેપમેન્ટ (IHD) ને 'ભારતીય શહેરોમાં ગરીબી, અસમાનતા અને હિંસા: સમન્વિત નીતિઓ અને આયોજન તરફ' ના વિષય પર સંશોધન માટે ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ રિસર્ચ સેન્ટર (IDRC), કેનેડા અને ડિપાર્ટમેન્ટ ઑફ ઇન્ટરનેશનલ ડેવલપમેન્ટ (DFID), યુ.કે. દ્વારા "સેફ એન્ડ ઇન્કલુઝિવ સિટિઝ (SAIC)" ના વૈશ્વિક કાર્યક્રમ હેઠળ ત્રણ વર્ષનો પ્રોજેક્ટ ફાળવવામાં આવેલ છે. આ સંશોધન કુલ ચાર શહેરોમાં આયોજિત કરવામાં આવેલ, જેમાં CUE દ્વારા અમદાવાદ અને ગુવાહાટી શહેરોને અને IHD દ્વારા દિલ્હી અને પટણા શહેરોને આવરી લેવામાં આવ્યા છે. ભારતીય શહેરોમાં બહિષ્કૃત શહેરી આયોજન અને શાસન કેવી રીતે ગરીબ પર અને ગરીબો દ્વારા હિંસાનું સ્વરૂપ ધારણ કરે છે તેનું વિશ્લેષણ આ સંશોધનનો મુખ્ય હેતુ છે.

CUEના સંશોધનમાં માળખાગત હિંસા (સાધનસામગ્રીની વંચિતતા, અસમાનતા), પ્રત્યક્ષ હિંસા (પ્રત્યક્ષ રીતે પહોંચાડવામાં આવેલી શારીરિક કે માનસિક ઈજા), તકરાર અને વિવિધ પ્રકારના ગુનાની શહેરી આયોજન અને શાસન સાથેની કડીઓને ચકાસતો વિસ્તૃત અભિગમ લેવામાં આવ્યો છે. અહીં નોંધ લેવી જરૂરી છે કે તમામ પ્રકારની હિંસાને ગુના માનવામાં આવતા નથી (ઉદાહરણ તરીકે, સરકાર દ્વારા થતી હિંસા), તેમજ તમામ પ્રકારના ગુનાને હિંસા માનવામાં આવતી નથી (જેમકે, ચોરી).

ગુજરાત રાજ્યનાં સૌથી મોટા શહેર એવા અમદાવાદમાં આ સંશોધનમાં બે ગરીબ વિસ્તારોને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે: શહેરના દક્ષિણ વિભાગમાં સ્થિત મુસ્લિમ વસ્તી ધરાવતો અનૌપચારિક વિસ્તાર એવો બોમ્બે હોટલનો મહોલ્લો, તેમજ વિવિધ શહેરી પ્રોજેક્ટ્સને કારણે હટાવી દેવાયેલ ઝૂંપડપટ્ટીઓના પુનર્વસન માટે વપરાયેલા શહેરના અગ્નિ ખૂણે સ્થિત વટવામાં જવાહરલાલ નેહરૂ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (JnNURM) ના 'બેઝિક સર્વિસિસ ટુ ધ અર્બન પૂઅર' (BSUP) કાર્યક્રમ હેઠળ બનાવવામાં આવેલ સરકારી આવાસો.

**CUE સંશોધન ટીમ (અમદાવાદ)** : દર્શિની મહાદેવિયા, રેણુ દેસાઈ, શચિ સંઘવી, સુચિતા વ્યાસ

## અમદાવાદ પૉલિસી બ્રીફ 3

## વટવા પુનર્વસન વસાહતો: ચોરી, લૂંટ તથા ઘરફોડ ચોરી

૨૦૦૦ના દાયકાના મધ્યથી અમદાવાદમાં વિવિધ શહેરી વિકાસ પ્રોજેક્ટ્સને લીધે હજારો પરિવારોનું સ્થળાંતર થયું છે. ૨૦૧૪ સુધી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (અ.મ્યુ.કો.) દ્વારા સ્થળાંતરિત થયેલા ૪૦૦૦ જેટલા પરિવારોને વટવા સ્થિત ત્રણ સરકારી વસાહતોમાં આવરી લેવામાં આવ્યા હતા (જુઓ નક્શો ૧). ૨-૪ વર્ષના તેમના વસવાટ દરમ્યાન આ પુનર્વસન વસાહતોમાં ચોરી, લૂંટ તથા ઘરફોડ ચોરી જેવા ગુના વ્યાપક પ્રમાણમાં બન્યા છે. ખાનગી તેમજ જાહેર મિલકતની ચોરીના કિસ્સા વ્યાપક બની ગયા છે. બાઈકમાંથી પેટ્રોલ, રિક્શા અને બાઈકનાં ટાયર

તેમજ સાયકલો ચોરાઈ જાય છે. મકાનોમાંથી પાણીની ટાંકીઓનાં ઢાંકણાં, ઇલેક્ટ્રિક વાયરને ઢાંકતી પાઈપો તથા પાણીની પાઈપો ચોરાઈ ગઈ છે. આ વસાહતોમાં કે તેની આસપાસ હરતાફરતા ઘણા રહીશો લૂંટાયા છે, જેમાં ચપ્પુની ધારે લૂંટાવાના કિસ્સાઓનો પણ સમાવેશ થાય છે. ઘરફોડ ચોરીના પણ અનેક બનાવો બન્યા છે અને રોકડ રકમ, ઘરેણાં, મોબાઇલ ફોન તેમજ અન્ય વસ્તુઓ ચોરાઈ ગઈ છે. રહીશો લાંબા સમય માટે ઘરને રેઢું મૂકીને નહીં જવાનો પ્રયત્ન કરે છે તેમજ લૂંટના ડરે અંધારા પછી એકલા બહાર જવાનું ટાળે છે.

સંશોધનમાં ભાગ લેનારા ત્રણ વ્યક્તિઓ ઘરફોડ ચોરીનો ભોગ બન્યા હતા. એમાંના એક વ્યક્તિના ઘરની બે સાયકલો ચોરાઈ ગઈ હતી. ૧૪-૧૫ વર્ષના બે છોકરાઓએ એક વ્યક્તિના ટેમ્પોમાં મૂકેલા કેશબોક્સમાંથી રોકડ રકમની અનેક વાર ચોરી કરી હતી. એક સ્ત્રીનું ગેસ સિલિન્ડર એની જ દુકાનની બહારથી ચોરાઈ ગયું હતું. બનાસનગર (દાણી લીમડા) તેમજ રિવરફ્રન્ટ વિસ્તારમાંથી પુનર્વસિત થયેલા અનેક પુરુષોએ કહ્યું કે તેઓ પોતાના જૂના નિવાસસ્થાને અડધી રાત્રે પણ સુરક્ષિતપણે બહાર નીકળી શકતા હતા, જે અહીં થઈ શકતું નથી. વધારામાં કેટલાક રહીશોને લાગે છે કે આ વિસ્તાર વધુ વસ્તીવાળો થયો હોવાથી આવા બનાવો બનતા ઘટ્યા છે, છતાં ઘણા બનાવો બનતા રહે છે.

આ પૉલિસી બ્રીફ ચોરી, લૂંટ તેમજ ઘરફોડ ચોરીને શહેરી આયોજન અને શાસનનાં ચાર પરિબળોની સાથે સાંકળી તેની ઊંડાણપૂર્વક તપાસ કરે છે.

### ૧. આવનજાવન, તાણગ્રસ્ત આજીવિકા તથા ચોરીનું સંકલન

પુનર્વસન બાદ આવનજાવનમાં તકલીફ અને તાણગ્રસ્ત આજીવિકાના પરિણામે અનેક લોકો સામાજિક-આર્થિક નબળાઈઓ તરફ દોરાઈ ગયા છે. (કોષ્ટક ૧). તેની વિપરીત અસરના ભાગરૂપે કેટલાક રહીશો ચોરી, લૂંટ તેમજ ઘરફોડ ચોરીનો આશરો લે છે. આવનજાવનની તકલીફ અને નજીકમાં આજીવિકાના ઓછા સાધનોને કારણે કેટલાક યુવાનો ત્યાં જ ભટક્યા કરે છે તેમજ તેઓ જુગાર અને ડ્રગ્સની લતે ચઢી જાય છે. આ આદતોને પૂરી કરવા માટે તેઓ ચોરી, લૂંટ તેમજ ઘરફોડ ચોરી જેવી અનૈતિક પ્રવૃત્તિઓને શરણે જાય છે. તાણગ્રસ્ત આજીવિકા ઘરના વાતાવરણ પર પણ નકારાત્મક અસર કરે છે. માતાપિતા બંને કમાવા માટે સંઘર્ષ કરે છે અને બાળકો પર પૂરતું ધ્યાન આપી શકતા નથી, જેનાં પરિણામે પણ બાળકો આવી કુટેવોમાં ઘસી જાય છે.

**(નક્શો ૧)**




*"નોકરી ન હોય ત્યારે યુવાનો બગડી જાય છે, ખોટી પ્રવૃત્તિઓમાં ઘસી જાય છે. રોજીરોટી માટે આવવા-જવાના ભાડાના પૈસા નથી હોતા... માણસ ભૂખ્યો થાય ત્યારે ચોરી કરે અને ખોટા કામો કરવા લાગે."*

*"મા આખો દિવસ ઘરે ન હોય અને છોકરા ભૂખ્યા થાય, ત્યારે તેઓ ચોરી પણ કરે છે. અત્યારે હું દુકાનને છોડીને જાઉં અને સવારથી ભૂખ્યું બાળક પસાર થાય, તો એ દુકાનમાંથી કંઈક ઊઠાવી શકે... આજે એ પાંચ રૂપિયાની વસ્તુ લે, કાલે ઊઠીને વધુ કિંમતનું પણ કંઈક ચોરી શકે."*

**કોષ્ટક ૧: પુનર્વસન, આવનજાવનની મુશ્કેલી અને તાણગ્રસ્ત આજીવિકા (પૉલિસી બ્રીફ ૧ પણ જુઓ)**

વટવા જેવા દૂરનાં પુનર્વસનના સ્થળેથી કાર્યસ્થળે પહોંચવા માટે ખૂબ ઊંચું ભાડું આપવું પડે છે, જેને લીધે ઘણાંનાં કાર્યમાં અનિયમિતતા આવી છે (એટલે કે, પરિવહન ખર્ચના પૈસા હોય, તો જ કામે જવું શક્ય બને), તો ઘણાંને નોકરીધંધા છોડી પણ દેવા પડ્યા છે. બીજાઓએ ઊંચા ભાડાં ખર્ચીને પણ કામ કરવાનું ચાલુ રાખ્યું છે. પણ ઓછી બચત એટલે આજીવિકા પર અસર. પુનર્વસન બાદ નજીકનાં સ્થળે આવેલા કામો (ઓદ્યોગિક) લોકોએ જીવનભર કરેલાં કામો (ફેરી, ઘરગથ્થુ કાર્ય, બાંધકામનાં સ્થળે મજૂરી કે વેપાર પ્રવૃત્તિઓ વગેરે) કરતાં તદ્દન અલગ છે અને ઉપરાંત કામના કલાકો વધુ અને વેતન ઓછું છે. પાસેનાં સ્થળોએ મળેલા ઘરગથ્થુ કામમાં વેતન ઓછું મળે છે. સરકારી સ્વાસ્થ્ય સેવાઓ તેમજ સરકારી વિતરણ વ્યવસ્થા (રેશનિંગની દુકાનો) સુધી જવા માટે ઊંચાં ભાડાં ખર્ચવા પડે છે. તેમજ મૂળભૂત સેવાઓ (ખાસ કરીને વીજળી બિલ) અને સવલતોની જાળવણીના ખર્ચા (ખાસ કરીને પાણી અને ગટરની પાઈપ્સની જાળવણી તથા બિલ્ડીંગનાં કૉરિડોરની લાઇટ્સની જાળવણી) પણ વધ્યા છે.

## ૨. સામાજિક ભંગાણ અને ચોરીનું સંકલન

પુનર્વસન ફાળવણી પ્રક્રિયાના પરિણામે સામૂહિક સ્તરે ગંભીર સામાજિક ભંગાણ થયા છે (કોષ્ઠક ૨). પહેલાના ઘણા સ્થળોએ વર્ષોથી સાથે રહેતા સ્થાનિક આગેવાનો, વડીલો તેમજ રહીશોએ મળીને નૈતિક સત્તાનો માહોલ ઉભો કર્યો હતો, જે અહી જુદા જુદા વસાહતોમાંથી આવેલા લોકો વચ્ચે હજી સુધી શક્ય બન્યું નથી. ઉપરાંત પહેલાના દરેક સ્થળે મોભાદાર આગેવાનો, વડીલો તેમજ રહીશો હતા જે હાલ અલગ અલગ સરકારી વસાહતોમાં વિખરાઈ ગયા છે. આને કારણે આંતરિક સામાજિક નિયંત્રણ રહ્યું નથી અને જે માહોલનું સર્જન થાય છે, તેમાં ખાસ કરીને યુવાનો વધુ સરળતાથી ચોરી, જુગાર અને ડ્રગ્સ તરફ વળી જાય છે.

**કોષ્ટક ૨ : સરકારી આવાસોની ફાળવણી પ્રક્રિયાથી થયેલ સામાજિક ભંગાણોનું નિર્માણ**

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ અને અ.મ્યુ.કો. દ્વારા કરવામાં આવેલી પુનર્વસન પ્રક્રિયા સમસ્યાજનક હતી. રિવરફ્રન્ટની આસપાસના અમુક ચોક્કસ  ઝુંપડપટ્ટીના રહીશોનું જૂથ બનાવવામાં આવ્યું. આ જૂથને બે થી ત્રણ ચોક્કસ પુનર્વસન વસહતો ફાળવી. આ ફાળવણી કોમ્પ્યુટરાઇઝ્ડ પદ્ધતિથી કરવામાં આવી, જેમાં તે જૂથના લોકોને આડેધડ આ વસાહતોમાં ફ્લેટ ફાળવવામાં આવ્યા. પુનર્વસન પણ અલગઅલગ તબક્કાઓમાં કરવામાં આવ્યું. (આનું એક કારણ એ છે કે પુનર્વસન પ્રક્રિયા દરમિયાન અદાલતના ચુકાદામાં પાત્રતા લંબાવવામાં આવી હતી, જેમ કે કટ-ઑફ તારીખ). એક જ ઝુંપડપટ્ટીના લોકોને અલગ તબક્કાઓમાં અલગ વસહતો ફાળવવામાં આવ્યા.

BRTS માર્ગ વિસ્તૃતિકરણને લીધે, અ.મ્યુ.કો.એ આંબેડકર બ્રિજ તેમજ શાહઆલમ ટૉલનાકા વચ્ચેના છ અસરગ્રસ્ત વિસ્તારોના રહેવાસીઓને શહેરના છેવાડાના વિસ્તારમાં આવેલા ગણેશનગર કેમ્પમાં મોકલી આપ્યા. 3-4 વર્ષ પછી એમને એક જ સમૂહ તરીકે ગણી, કમ્પ્યુટરાઇઝ્ડ ફાળવણી દ્વારા વટવાનાં બે અલગઅલગ વસહતોમાં ફ્લેટ્સ ફાળવવામાં આવ્યા. અ.મ્યુ.કો.એ BRTSના માર્ગવિસ્તરણને લીધે અસરગ્રસ્ત થયેલી કાંકરિયા તળાવ પાસેની બે ઝુંપડપટ્ટીના રહીશો સાથે પણ આમ જ કર્યું.

ફાળવણીની આ પ્રક્રિયાને લીધે લોકોએ એમના વિસ્તૃત પરિવાર, પાડોશીઓ તેમજ સંબંધો વિકસાવ્યા હોય એવા અન્ય લોકોથી અલગ પડવું પડ્યું. આ પ્રક્રિયાને કારણે વિવિધ ઝુંપડપટ્ટી વિસ્તારોમાંથી અનેક લોકો એક જ પુનર્વર્સન વસાહત પર, એક જ બિલ્ડિંગમાં રહેવા માટે આવ્યા.

ઉપરાંત ફાળવણી પ્રક્રિયાના પરિણામે અનેક રહીશો પોતાની અને આસપાસની બિલ્ડીંગમાં રહેતા પાડોશીને પણ ઓળખતા નથી. જેને કારણે તેઓ રહીશો અને બહારની વ્યક્તિઓ વચ્ચેનો ભેદ પારખી શકતા નથી, જેનાથી ઘરફોડ ચોરી સરળ બની જાય છે. જે લોકો પોતાના બિલ્ડિંગમાં રહેતા અન્ય રહીશોને ઓળખે છે, એમની વચ્ચે પણ વ્યક્તિગત સંબંધનો અભાવ હોય છે. તેથી લોકો બીજાના ઘર અને બહાર પડેલી મિલકતનું ખાસ ધ્યાન રાખતા નથી.

### 3. બંધાયેલ સુવિધાની અપૂર્તિ અને એનાથી નકારાત્મક તકનું સર્જન

પુનર્વસન સ્થળો પર કે એમની આસપાસ મળતી અપૂરતી મૂળભૂત સવલતો અને સેવાઓ નકારાત્મક તકનું સર્જન કરે છે. પૂરતી સ્ટ્રીટ લાઇટ્સના અભાવે ચોરી અને લૂંટના બનાવો વધે છે. વી.જી.જી નગર અને સદ્ભાવના નગર વચ્ચેના રસ્તા પર અપૂરતી સ્ટ્રીટ-લાઈટ્સના કારણે આ વિસ્તારને લોકો લૂંટ સંભવિત વિસ્તાર ગણે છે. સરકારી વસાહતોની અંદર રસ્તાઓ, ગલીઓ અને કોમન પ્લોટ પર સ્ટ્રીટ લાઇટ્સના અભાવે લોકોને સતત લૂંટનો ડર સતાવે છે.

વી.જી.જી નગર અને સદ્ભાવના નગર વચ્ચેના રસ્તા અને ચાર રસ્તા પર છૂટા છવાયેલા લારી ગલ્લાને લીધે ચહલપહલ ઓછી રહે છે, જે લૂંટની તક સર્જે છે. જો કે આ રસ્તાને એક છેડે ફ્લાયઓવર છે, જ્યાં ફેરિયા એકસાથે એકઠા થયેલા હોય છે જેને સ્ત્રીઓ બજાર તરીકે ઓળખે છે અને તેને સુરક્ષિત વિસ્તાર માને છે. ચાર રસ્તા પર કેટલાક ખાલી પ્લોટ્સ પણ આવેલા છે, જેનાથી સુમશાન વાતાવરણમાં અસલામતી અનુભવાય છે. ટૂંકમાં, સ્ટ્રીટ લાઇટ્સનો અભાવ, રસ્તાનો વિકાસ તથા ત્યાં થતી પ્રવૃત્તિઓ અસલામતીની ભાવના તેમજ ચોરીની સંભાવનાને વધારે છે.

ઉપરાંત બિલ્ડિંગનાં કોરિડોરમાં બંધ પડેલી લાઇટો ચોરી તેમજ ઘરફોડના બનાવો માટેની તક ઉભી કરે છે. તાણગ્રસ્ત આજીવિકા અને સામાજિક ભંગાણ એમ બંને કારણોને લીધે લાઇટનાં બિલ ભરવામાં આવતાં નથી અને મોટાભાગનાં બિલ્ડિંગોમાં આ લાઇટો કામ કરતી નથી હોતી. (જુઓ પૉલિસી બ્રીફ ૨).

### ૪. નબળું સુરક્ષા શાસન

લોકો અને મિલકત સુરક્ષા બાબતે પોલીસની નિષ્ફળતાને કારણે ચોરી, લૂંટ તેમજ ઘરફોડ ચોરીના કિસ્સા વધે છે. પુનવર્સનના પહેલાના વર્ષોમાં પોલીસ ક્યારેક સદ્ભાવના નગરમાં કામચલાઉ પોલીસ ચોકી ઊભી કરતી અથવા કોઈ હિંસક બનાવ બને ત્યારે કેટલાક દિવસો પૂરતું પેટ્રોલિંગ કરતી. પછી ૨૦૧૪ના મધ્યમાં વી.જી.જી નગર અને સદ્ભાવના નગર વચ્ચેના ચાર રસ્તાની એક બાજુએ એક પોલીસ ચોકી બનાવવામાં આવી હતી જે પણ ૨૪ કલાક ખુલ્લી રહેતી નથી.

વધુમાં, ગુનેગાર પકડાઈ જાય એ પછી પણ પોલીસ કેસમાં ઘણી વાર આગળ વધતી નથી. ઉદાહરણ તરીકે, એક ખાલી બિલ્ડિંગમાંથી પાણીની પાઇપો ચોરતા એક માણસને લોકોએ પકડીને પોલીસને સોંપી દીધો પણ તેને થોડા દિવસ પછી છોડી દીધો. કેટલાક રહીશોએ પોલીસના ભ્રષ્ટાચાર તરફ પણ આંગળી ચીંધી છે. ઘરફોડ ચોરીના કેસમાં રોકડ રકમ ગુમાવેલા એક જણે કહ્યું કે ૫૦,૦૦૦ રૂપિયાની રકમ ચોરાય, તો કેસ ફાઇલ કરવા માટે ૫૦૦૦ રૂપિયા ચૂકવવા પડે છે અને પૈસાની ચૂકવણી કર્યા પછી પણ રકમ પાછી મળશે કે નહીં એની કોઈ ખાતરી રહેતી નથી.

પોલીસ આવા ગુનાને ડામવા કશું કરશે નહીં એવી લાગણીથી પ્રેરાઈને લોકો ઘણી વાર ગુનેગારોને નિર્દયતાપૂર્વક ફટકારીને સજા કરી દે છે.

પુનર્વસનની પ્રક્રિયાને લીધે ઉદ્દભવેલી તાણગ્રસ્ત આજીવિકા અને સામાજિક ભંગાણોને કારણે અસહ્ય મુશ્કેલ પરિસ્થિતિ ઊભી થઈ છે. જેના કારણે લોકોનું અસરકારક સંગઠન જે સુરક્ષા શાસનમાં સહભાગી થઇ શકે તે સ્થાપવું પણ ખૂબ પડકારજનક બન્યું છે.




**પૉલિસીની ભલામણો**

- વિસ્થાપન બને એટલું ઓછું થવું જોઈએ અને શહેરી વિકાસના પ્રોજેક્ટ હાથ ધરતા પહેલા શહેરી દુબળા વર્ગો પર તેની કેવી અસર પડશે અંગેની પૂર્ણ વિચારણા થવી જોઈએ.
- વિસ્થાપન જો અનિવાર્ય હોય તો, પુનર્વસન તેની નજીકનાં સ્થળે થવું જોઈએ. એનું કારણ કે દૂરના સ્થળે થતા પુનર્વસનથી તેમનો પરિવહનનો ખર્ચ વધે છે. આનાથી આવન-જાવન અને આજીવિકા પર નકારાત્મક અસર પડે છે. આ નકારાત્મક અસરોને કારણે સામાજિક મુશ્કેલીઓ પેદા થાય છે. લોકોને તે ગુના આચરવા પ્રેરે છે. પુનર્વસનનાં આયોજનનું ધ્યેય પ્રવર્તમાન સામાજિકતંત્ર તેમજ સામૂહિક સંબંધોને જાળવી રાખવાનું હોવું જોઈએ. સામાજિક માળખાના આંતરીક નિયંત્રણ માટે આ જરૂરી છે, આનાથી વસાહતની આંતરિક પ્રવૃતિઓ અને ગતિવિધિઓ પર નજર રાખી શકાય.

- વસાહતોને સુરક્ષિત બનાવવા માટે મૂળભૂત સુવિધાઓ પ્રવર્તમાન હોવી જરૂરી છે. આ સુવિધાઓની જાળવણી માટે સામૂહિક વહીવટની સફળતા અને તે માટે આજીવિકામાં વૃદ્ધિ તેમજ સામૂહિક સંબંધોની જાળવણી કરવી પણ જરૂરી છે. સેવાઓનો સામૂહિક વહીવટ કરવા માટે સરકારે લોકોની આર્થિક ક્ષમતાનું વાસ્તવિક આંકન અને તેને અનુરૂપ લાંબા સમયના વહીવટનું આયોજન કરવું પણ જરૂરી છે.
- સ્ટ્રીટ લાઇટ જેવી મૂળભૂત સવલતોની સરકારીતંત્ર દ્વારા પૂરતી અને કાર્યરત હોય એવી જોગવાઈ કરેલી હોવી જોઈએ.
- લોકોની સુરક્ષા વધારવા માટે સરકારી આવાસોનું આયોજન કરતી વખતે વસાહતો, તેની આસપાસના વિસ્તારોની જમીનોનો ઉપયોગ, રસ્તા અને તેના કોરની ડીઝાઇન અને વપરાશની બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ. વસાહતોની અંદર પૂરી પાડવામાં આવેલી સરકારી સુવિધાઓ જેમ કે આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર ચાલતી હોવી જોઈએ. આવી સુવિધાઓ પૂરી પાડતી વખતે તે નિરંતર ચાલશે તેની ખાતરી થવી જરૂરી છે નહિ તો આવા સ્થળો અનૈતિક પ્રવૃત્તિઓને છાવરી શકે છે.
- નબળાવર્ગના લોકો માટે સુલભ અને જવાબદાર પોલીસ કાર્ય હોવું જોઈએ.
- લઘુસ્તરીય આયોજન અને શાસન દ્વારા નકારાત્મક તકોને ઘટાડીને ચોક્કસ અસુરક્ષિત વસાહતોને સુરક્ષિત સ્થળોમાં ફેરવી શકાય છે. છતાં, આનાથી ગુનાઓનું વિસ્થાપન એક જગ્યાએથી બીજી જગ્યાએ સરળતાથી ન થાય તે માટે લાંબા ગાળાની અસમાનતા ઘટાડવા માટે શહેરી સ્તરનું આયોજન થવું જરૂરી છે.

**સંશોધનની પદ્ધતિઓ**

* સ્થાનિક આલેખન (Locality mapping) તથા સમુદાયની રૂપરેખા

* અનૌપચારિક વાતચીત

* ૧૧ ફોક્સ ગ્રુપ ડિસ્કશન્સ (FGDs)

* ૭ અનૌપચારિક ગ્રુપ ડિસ્કશન્સ (GDs)

* ૩૫ વ્યક્તિગત ચર્ચા

* કુલ ૫૧ પુરુષો અને ૫૩ સ્ત્રીઓએ FGDs, GDs અને વ્યક્તિગત ચર્ચામાં ભાગ લીધો.

* રાજકીય અગ્રણીઓ તથા નગરપાલિકાના અધિકારીઓ સાથેની મુલાકાતો

* માસ્ટર્સ થિસીસઃ પરિવહન અને સ્ત્રીઓની સલામતી પર આધારિત FGDs (૪૬ સ્ત્રીઓ)

Funded by

સરનામું : સેન્ટર ફોર અર્બન ઇક્વિટી (સી.યુ.ઈ.), સેપ્ટ યુનીવર્સીટી, કસ્તુરભાઈ લાલભાઈ કેમ્પસ, યુનીવર્સીટી રોડ, નવરંગપુરા, અમદાવાદ -380009
ટેલીફોન: 079-630 2740 એક્સટેન્સન ન. 473
વેબસાઇટ : www.cept.ac.in/cue ઈમેલ: cue@cept.ac.in